બાયડ તાલુકા પંચાયત કચેરીની ગ્રામ વિકાસ શાખામાં અનહોનિની આહટ

બેંક અધિકારીઓની બોલાવેલી મીટીંગમાં ટી.એલ.એમ. ગાયબ

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૨૧

બાયડ તાલુકામાં મિશન મંગલમ યોજનામાં જવાબદાર અધિકારી કર્મચારીઓએ ગોલમાલ કરી સખીમંડફના મુખ્ય આશયને ગફે ટુપો લગાવ્યાના આક્ષેપ સામે આવ્યા પછી ગ્રામ વિકાસ શાખામાં હલચલ શરૂ થઈ છે ત્યાં શનિવારે બેંક અધિકારીઓની બોલાવવામાં આવેલી મીટીંગ દરમિયાન ગ્રામ વિકાસ શાખાના જવાબદાર ટી.એલ.એમ. ગાયબ રહેતા અનેક પ્રકારના તર્ક વિતર્ક શરૂ થયા છે. મિશન મંગલમ્ યોજનામાં ખોટું થયાની વાતો જગજાહેર થયા પછી ગ્રામ વિકાસ શાખામાં અનહોનિની આહટ છે. મિશન મંગલમ્માં વિવિધ બેંકોના માધ્યમથી નિયત કરેલા સખીમંડફોના બેંક ખાતામાં રોકડ જમા થતી હોવાથી ભ્રષ્ટાચારના આક્ષેપો બાદ એકાએક બેંક અધિકારીઓની મીટીંગમાં અધિકારીની ગેરહાજરી ઘણુંબધું કહી ગઈ છે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં ટોચથી તફીયા સુધી ભ્રષ્ટાચાર વ્યાપી ગયાના આક્ષેપ ઉઠ્યા છે. સરકાર દ્વારા મહિલાઓ પગભર બની આર્થિક સદ્ધર બને તે માટે જિલ્લા સ્તરથી તાલુકા સ્તર સુધી મિશન મંગલમ્ યોજના અંતર્ગત કામગીરી થઈ રહી છે પરંતુ આ યોજનામાં યેનકેન પ્રકારે અધિકારીઓ ખીસાં ભરી લાખોની મિલકતમાં આફોટતાં થયા છે. બાયડ તાલુકા પંચાયત કચેરીમાં મિશન મંગલમ્ યોજનામાં સંલગ્ન સખીમંડફમાં મહિલા સતામણીની ફરીયાદ ઉઠ્યા પછી જિલ્લા સ્તરેથી તેના ઉપર પડદો પાડવાનો પ્રયાસ થઈ રહ્યાના આક્ષેપો વચ્ચે મિશન મંગલમ્ યોજનામાં ચોક્કસ અધિકારી કર્મચારીઓની સખીમંડફોના નામે પોતાના આર્થિક વિકાસ કર્યો હોવાની વિગતો બહાર આવતાં તાલુકા પંચાયત કચેરીની ગ્રામ વિકાસ શાખામાં હવે અંડર કરંટ શરૂ થયો છે. ગત રોજ શાખામાં વિવિધ બેંકોના અધિકારીઓની મીટીંગ બોલાવવામાં આવી હતી પરંતુ મુખ્ય જવાબદાર ટી.એલ.એમ. આશ્ચર્યજનક રીતે કચેરીમાંથી ગાયબ રહેતાં અનેક પ્રકારના સવાલ શરૂ થયા છે. સખીમંડફો અને બેંક વચ્ચે થયેલ વ્યવહારો અને કેટલાંક પ્રશ્નોની વિસ્તૃત ચર્ચા થઈ શકે તેવું મીટીંગનું આયોજન હતું પરંતુ મિશન મંગલમ્માં ભ્રષ્ટાચારની એક પછી એક સામે આવતી વિગતો બાદ અધિકારીએ બેંકના જવાબદારો સાથે અંતર જાફવતાં સખીમંડફોના નામે કંઈક તો ખોટું થયાની આશંક વધુ મજબૂત બની છે.

બાયડ પાલિકામાં શિક્ષકોના મત મેળવવા કોંગ્રેસની ધાક ધમકીની નીતિ

પોતે અત્યાર સુધી શું કર્યું !! અરીસામાં જુઓ

બાયડ, તા. ૨૧

બાયડ પાલિકાના ચૂંટણી જંગમાં ભાજપની ફતેહપથથી કોંગ્રેસ રઘવાઈ બની ગઈ છે. શિક્ષકોના મત મેળવવા કોંગ્રેસની ધાકધમકીની નીતિ દિવસ દરમ્યાન બાયડ પાલિકા વિસ્તારમાં હાસ્યાસ્પદ બની છે. અત્યાર સુધીના ચૂંટણી જંગમાં તમે શું કર્યું !! પાંચ વર્ષ લોકઉપયોગી કામ કર્યુ હોત તો તમારી આવી દશા ન હોત તેવો આક્રોશ સામાન્ય મતદાર જાહેરમાં વ્યક્ત કરી રહ્યો છે.

બાયડ પાલિકામાંથી સત્તા જઈ રહી છે તેવું લાગતા કોંગ્રેસ દ્વારા અન્ય વોર્ડમાંથી કાર્યકરો લાવી ચૂંટણી ચિત્ર સુધારવાનો પ્રયાસ કરી રહી છે. કોંગ્રેસના કેટલાક આગેવાનોએ બેંક, દૂધ મંડળી, સાબરડેરીમાં મામકર્મીને ઠેકાણે પાડી આવી સંસ્થાઓનું પણ અહીત કરવામાં કશું જ બાકી નથી રાખ્યુ. બાયડ પાલિકામાં ચૂંટણી જીતવા તમને સાબરડેરીમાં બેન્કમાં, અમારી સંસ્થામાં નોકરી અપાવી દઈશુ તેવુ વચનો અને ખોટા સોગન ખાવાની શરૂઆત કરી દીધી છે.

પરંતુ હવે તમારૂ જુઠાપણું બાયડના નગરજનોને બરાબર સમજાઈ ગયુ છે. જીત દૂર દૂર સુધી ન દેખાતા હવે શિક્ષકોને ધાકધમકી આપીને ડરાવવાના પ્રયાસ શરૂ થયા છે. લોક ચર્ચા તો એવી છે કે હવે દારૂના વેપલામાં પણ કેટલાક ઈસમોના નામ ઉછળતાં કોંગ્રેસમાં આવનાર દિવસોમાં મોટા તડાકા-ભડાકા થવાની સંભાવના છે.

બાયડમાં ભાજપા પક્ષ વિરૂદ્ધ પ્રવૃત્તિ કરતા પિતા-પુત્ર પક્ષમાંથી સસ્પેન્ડ

બાયડ નગરપાલિકાની ચૂંટણી યોજાવાની છે ત્યારે બાયડના સુધીરભાઈ સોમાભાઈ પટેલ તેમજ વરૂણકુમાર સુધીરભાઈ પટેલ પક્ષ વિરૂદ્ધ પ્રવૃત્તિ કરતાં માલૂન પડ્યા છે અને વરૂણકુમાર પટેલ કોંગ્રેસમાંથી ઉમેદવારી કરતાં બન્ને દ્વારા ભારતીય જનતા પાર્ટીના હિતોના વિરૂદ્ધ અને પક્ષને નુકશાન થાય તેવા કૃત્ય અને આચરણ બદલ તાત્કાલીક અસરથી ભારતીય જનતા પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. બાયડ શહેર સંગઠન તથા ચૂટંણી લડતા ભાજપાના ઉમેદવારો દ્વારા લેખીત અભિપ્રાયને સંદર્ભે જિલ્લા ભાજપા સંગઠન દ્વારા તપાસ બાદ બન્નેને પક્ષમાંથી સસ્પેન્ડ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે તેમ અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્ર જે. પટેલે જણાવ્યુ છે.

સુખડ ગામેથી ચાર લિટર દેશી દારૂ સાથે એક મહિલા ઝડપાઈ

પ્રાંતિજ પોલીસ પ્રાંતિજના સુખડ ગામ બાજુ પેટ્રોલિંગ દરમ્યાન સુખડ ગામમાં પ્રવેશ કરતા ઘરની ચોપાળમાં એક મહિલા દ્વારા દેશી દારૂનું વેચાણ થતું હોવાની બાતમી મળતા પ્રાંતિજ પોલીસ દ્વારા સુખડ ગામે બાતમી મળેલ જગ્યાએ જઈને તપાસ કરતાં સુખડ ગામમાં રહેતી મહિલા ઉદાબેન રતનજી મકવાણા ઉ.વર્ષ-૪૫ રહે. સુખડ, તા. પ્રાંતિજ, જી. સાબરકાંઠા પ્રાંતિજ દ્વારા પોતાના ઘરની આગળ આવેલ ચોપાળમા નીચે બેસીને દેશી દારૂનું વેચાણ કરતી હોય તેણી પાસેથી પરમીટ વગર દેશી દારૂ સહિત તેની ધરપકડ કરી છે.

ચૂંટણી જંગ : જિલ્લાના અધિકારી-કર્મચારી ચૂંટણી કામગીરીમાં જોડાતા સરકારી કામ ઉપર ગંભીર અસર

બાયડ, તા. ૨૧

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા વહીવટીતંત્રની કલેક્ટર, પ્રાંત, મામલતદાર, તાલુકા પંચાયત કચેરીના અધિકારી-કર્મચારી ચૂંટણી કામગીરીમાં જોડાતાં સરકારી કામ ઉપર ગંભીર અસરની શરૂઆત છે. સાગમટે તાલુકા-જિલ્લા પંચાયત, ૪ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં ૧૧૦૦૦થી વધુ સ્ટાફની નિયુક્તી ફરજીયાત છે પરંતુ સ્ટાફની અછતનો પ્રશ્ન તંત્રને સતાવી રહ્યો છે. ચૂંટણી કામગીરીમાં અધિકારી-કર્મચારી ફરજીયાત જોડાતાં સરકારી કામ ઉપર ગંભીર અસર જોવા મળે છે. જ્યારે ગ્રામ્ય અને શહેરી વિસ્તારના અરજદારોના અનેક કામ ખોરંભે પડ્યા છે.

જિલ્લાની ૧૪ તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતમાં તા. ૨૮ ફેબ્રુઆરીએ સામાન્ય ચૂંટણી યોજાવાની છે. ચૂંટણી કામગીરીમાં સામેલ સ્ટાફને તાલીમ આપ્યા પછી પણ માંદગી, નજીકના સંબંધી ચૂંટણી લડતા હોય એટલે ચૂંટણી ઓર્ડર રદ કરવા વગેરે માટે સતત રજૂઆતો થતાં ઓછા સ્ટાફથી હવે કોને મુકવા તે પ્રશ્ન અધિકારીઓને પજવી રહ્યો છે. જ્યારે કેટલાક આરામ પ્રિય સરકારી બાબુઓ માટે ચૂંટણીના કારણે આરામ કરવાના જલસા પડ્યા છે પરંતુ જે અરજદારોને પોતાના કામ ઝડપથી આટોપી સહાય લેવાની છે. કામ ઝડપથી પુરૂ કરવાનુ છે તેવા અરજદારોની હાલત વધુ ખરાબ છે. કારણ કે સરકારી ઓફિસમાં અરજદાર જાય એટલે જરૂરી ટેબલ ક્લાર્ક કે તાબાના અધિકારી જ નથી હોતા, ચૂંટણીની કામગીરીમાં જોડાયેલા છે, ઈ.વી.એમ. મશીનના સીલીંગમાં છે, બેલેટ પેપર છાપવા ગયા છે તેવા જવાબ મળે છે. એક રીતે ચૂંટણી પર્વના કારણે સરકારી કામો ઉપર વિપરીત અસર પડી છે.

ઓર્ડર રદ કરાવવો હોય તો સાત કોઠા વિંધવા જેવી સ્થિતિ

સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગમાં શિક્ષકો તથા અન્ય વિસ્તારના કર્મચારીઓને પ્રિસાઈન્ડીંગ, આસીસ્ટંટ પ્રિસાઈન્ડીંગ, પોલિંગ ઓફીસરના ઓર્ડર મળ્યા છે. કેટલાંક યોગ્ય કિસ્સામાં મરણ, પારીવારીક-સભ્ય ચૂંટણી લડતા હોય ત્યારે ઓર્ડર રદ કરવાની જોગવાઈ હોવા છતાં ઓર્ડર રદ કરવો હોય તો મુખ્ય ચૂંટણી અધિકારી, સ્થાનિક રીટર્નીંગ ઓફિસરની મંજૂરી જેવા સાત કોઠા વિંધવા પડે તેવી સ્થિતિ પેદા થઈ છે.

તલોદ તાલુકા પંચાયત ચૂંટણી સંદર્ભે ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર હસ્તે કાર્યાલય ખુલ્લુ મુકાયું

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે તલોદ તાલુકા પંચાયતના મહિયલ ગામે ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારના હસ્તે રિબિન કાપી, કંકુ તિલક કરી વિજય મુહૂર્તમાં ભાજપનું કાર્યાલય ખુલ્લુ મુકવામાં આવ્યુ હતુ જેમાં પૂર્વ તાલુકા પ્રમુખ બંસીધર મહેતા, શેઠ મહેશભાઈ ઉપાધ્યાય, તાલુકા ડેલીકેટ ગુજરાતસિંહ ઝાલા, જિલ્લા બૂથ કાર્યકર વિરલસિંહ ઝાલા, જિલ્લા ડેલીકેટ બાબુસિંહ સોલંકી, સરપંચ રાકેશભાઈ મહેતા, મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા અને ઉમેદવાર ચંદ્રાબા કનુસિંહ ઝાલાને જંગી બહુમતિથી જીતાડવા આશાવાદ વ્યક્ત કર્યો હતો.

બાયડ પાલિકા વોર્ડ નં. ૨માં ભાજપાના ઉમેદવારોને આવકાર

કોંગ્રેસ માટે ખાતુ ખોલવુ મુશ્કેલ બનશે

બાયડ, તા. ૨૧

બાયડ પાલિકાના ચૂંટણી જંગમાં પ્રચાર કાર્ય પૂરજોશમાં છે ત્યારે પાલિકા વોર્ડ નં. ૨ માં ભાજપાના તમામ ઉમેદવારોને હેર વિસ્તાર, ભુખેલ તલાવડી, લાખેશ્વરી, અદાનાછાપરા, રવિપાર્ક, સુંદરપુરા ગામમાં જે રીતે વ્યાપક આવકાર મળ્યો છે તે જોતાં વોર્ડ નં. ૨ માં કોંગ્રેસ ખાતુ ખોલાવી શકશે કે કેમ..!! તે કહેવું મુશ્કેલ છે.

પાલિકામાં શાસન સમયે વોર્ડ નં. ૨ તરફે સત્તાધિશોએ ઈરાદાપૂર્વક ઉદાસીન વર્તન દાખવ્યું છે. ઠેર ઠેર ગટરો ઉભરાય તો પણ ગરીબ પ્રજાનું કોઈ સાંભળનારૂ ન હતુ.

શાસકોના માત્ર ૨ થી ૩ મળતીયાનું જ સાંભળવામાં આવતું હતું ખુદ એન.સી.પી.ના સભ્યનું પણ કોઈ સાંભળતુ ન હતુ. પાંચ વર્ષ પારાવાર યાતના ભોગવ્યા પછી આ વિસ્તારના મતદારોએ ભાજપાને જંગી બહુમતી જીતાડવાનો સંકલ્પ કરી ઉમેદવારો જ્યોતિકાબેન જતીનભાઈ પટેલ, જીજ્ઞાસાબેન સુનિલભાઈ રાઠોડ, પ્રકાશભાઈ ઈશ્વરભાઈ સોલંકી, હરેશકુમાર પૂજાભાઈ પટેલને પ્રચંડ સમર્થન મળતાં કોંગ્રેસ છાવણીમાં હલચલ મચી ગઈ છે. વોર્ડ નં. ૨ ના અનેક લાભાર્થીઓને પ્રધાનમંત્રી આવાસ યોજનાની લાભ નહી આપવાનું પાપ પણ તત્કાલીન શાસકોએ કર્યુ છે તેવા ખુલ્લા આક્ષેપથી કોંગ્રેસ છાવણી હવે કયા મોઢે મત માંગવા જવું તે વિચારી રહી છે.

જિલ્લામાં ચૂંટણીના દિવસે કર્મચારીનું તાપમાન તપાસવા આદેશ

ચૂંટણી કર્મચારીઓએ દરેક તબક્કે માસ્ક પહેરવું પડશે : આરોગ્ય અધિકારીને જિલ્લા કક્ષાના નોડલ અધિકારીની જવાબદારી

બાયડ, તા.૨૧

કોરોનાના સંક્રમણના ઓછાયા હજુ દુર થયા નથી તેમ છતાં સ્થાનિક સ્વરાજ્યની વર્તમાન ચુંટણીઓમાં કોવિડ-૧૯ની ગાઈડલાઈનો નેવે મુકાતા સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ફરી સંક્રમણ હાવી થવાની દહેશત છે જેથી સંક્રમણને ધ્યાનમાં રાખી રાજ્યના ચુંટણીપંચે ખાસ નિર્દેશ જાહેર કર્યા છે. જિલ્લા કક્ષાએ ચુંટણી પ્રક્રિયા દરમિયાન કોરોના સબંધિત વ્યવસ્થાઓની ચકાસણી માટે જિલ્લા આરોગ્ય અધિકારીઓને જિલ્લા કક્ષાના નોડલ અધિકારી તરીકે નિમણુંક આપવામાં આવી છે. બંને જિલ્લામાં દરેક તબક્કે ચુંટણી કર્મચારીનો તાપમાન ચકાસવા માટે ફરમાન કરાયું છે.

જિલ્લામાં ચુંટણીના માહોલમાં સરકારની તમામ ગાઈડલાઈનોના ધજાગર ઉડી રહ્યા છે. આરોગ્ય વિભાગે કોરોના વોરિયર્સને રસી આપવાની શરૂઆત કરી ત્યારથી જાણે કે પ્રજામાંથી કોરોનાનો ડર અદૃશ્ય થઈ ગયો હોય તેવી સ્થિતિ પેદા થઈ છે. ફરજીયાત માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સના નિયમો ભૂલાઈ જતાં ફરી સંક્રમણ હાવી થવાની દહેશત વચ્ચે સરકારના તમામ વિભાગો ચુંટણી લક્ષી કામગીરીમાં જોડાયા છે. ચુંટણીના માહોલમાં સંક્રમણને અટકાવવા ખાસ તકેદારી રાખવામાં આવી છે જેમાં જિલ્લા કક્ષાએ યોજાનાર ચુંટણીમાં જિલ્લા આરોગ્ય અધિકારીઓને ખાસ જવાબદારી સોંપી કલેક્ટર સાથે સતત સંકલન જાફવવા આદેશ આપ્યા છે. આરોગ્ય વિભાગના નોડલ ઓફિસર ચુંટણી સમયે સંક્રમણ રોકવા તમામ જરૂરી પગલાં લેવામાં આવે છે તેની ખાતરી કરશે. મતદાનના અગાઉના દિવસે કોવિડ-૧૯ પોઝિટીવ કેસની માહિતી સબંધિત પ્રાંત અધિકારી, જિલ્લા ચુંટણી અધિકારી તેમજ નિયુક્ત કરવામાં આવેલા જિલ્લા અને તાલુકા કક્ષાના ચુંટણી નોડલ અધિકારીને સોંપશે. રાજ્ય કક્ષાએ જાહેર આરોગ્ય વિગભાના અધિક નિયામકની પણ નોડલ અધિકારી તરીકે નિમણું કરવામાં આવી છે. જિલ્લામાં ચુંટણીના દરેક તબક્કામાં દરેક ચુંટણી કર્મચારીનું થર્મલ ગનથી તાપમાન ચકાસવા આયોજન ગોઠવાયું છે. જ્યારે ચુંટણી ફરજ દરમિયાન કર્મચારીઓએ દરેક તબક્કે ફરજીયાત માસ્ક પહેરવા માટે જણાવાયું છે.

મતગણતરી કેન્દ્રો નજીક ચાર વ્યક્તિના ભેગા થવા પર પ્રતિબંધ

જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્ય ચુંટણીઓ તા.૨૮ ફેબ્રુઆરીના રોજ યોજાયા પછી તા.૨ માર્ચના રોજ નિયત કેન્દ્રો ઉપર મતગણતરી યોજાવાની છે જેથી જિલ્લા કલેક્ટર દ્વારા મતગણતરીના દિવસે સવારે ૫ કલાકથી રાત્રી ૨૪.૦૦ કલાક સુધી કેન્દ્રોની આસપાસ ૨૦૦ મીટરની ત્રિજ્યામાં ૪ કરતાં વધારે લોકોએ ભેગા થવું નહિ તેમજ સભા બોલાવવા કે સભા ભરવા તથા સરઘસ ઉપર પ્રતિબંધ મૂક્યો છે. આ દિવસે પ્રતિબંધિત વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ મોબાઈલ ફોન, વાયરલેસ, કોડલેસ ફોન કે સંદેશા વ્યવહારના અન્ય કોઈ ઉપકરણો લઈ જઈ શકશે નહિ. નિયમનો ભંગ અથવા ઉલંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર ગણાશે.

જિલ્લામાં રાંધણગેસના ભાવ વધતાં ગૃહિણીઓ ચૂલો ફૂંકવા મજબૂર

ઉજ્વલા યોજનાના ગેસ અભરાઈએ મુકાયા..!

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૨૧

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં વધતી જતી મોંઘવારીમાં ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોનું જીવન દુષ્કર બની રહ્યું છે.

સરકાર દ્વારા ઉજ્વલા યોજના અંતર્ગત જરૂરીયાતમંદ પરિવારોને રાંધણગેસના બાટલાને સગડીની કીટ આપવામાં આવતા ગૃહિણીઓને ચૂલો ફૂંકવામાંથી મુક્તિ મળી હતી પરંતુ હવે રાંધણગેસના ભાવમાં વધારો થતાં ફરીથી ચૂલો ફૂંકવાના દિવસો આવ્યા છે. જિલ્લામાં રાંધણગેસની બોટલ ભરાવવા રૂા.૭૫૦ થી ૮૦૦ નો ખર્ચ થતો હોવાથી અનેક પરિવારોએ ઉજ્વલા યોજનાના ગેસના બાટલા અભરાઈએ મૂકી દીધા છે. સરકાર દ્વારા ગેસની સબસીડી બેંક ખાતામાં જમા કરાવાય છે પરંતુ શરૂઆતમાં ગરીબ પરિવારોને ગેસના બોટલનો ભાવ પોષાતો નથી જેથી ગૃહિણીઓ ચૂલા ઉપર રસોઈ બનાવવા લાગી છે.

સરકારે ઉજવલા યોજના અમલમાં મૂકી ગરીબ અને મધ્યમવર્ગના પરિવારોની મહિલાઓને ચૂલો ફૂંકવામાંથી મુક્તિ અપાવતાં ખુશાલી છવાઈ હતી. પરંતુ હવે આ ખુશાલી છિનવાઈ છે. જિલ્લાના તમામ તાલુકાઓમાં વસવાટ કરતા હજારો ગરીબ પરિવારોને યોજનાનો લાભ આપી નિઃશુલ્ક ગેસના બાટલા તેમજ સગડીની કીટ આપવામાં આવતા ગરીબ પરિવારો ખુશીથી ઝૂમી ઉઠ્યા હતા અને ઘરમાં રાંધણગેસ ઉપર બે ટાઈમ ભોજન તૈયાર થવા લાગ્યું હતું પરંતુ હમણાંથી ઉજ્વલા યોજનાનો લાભ લેનારા ગરીબ પરિવારો ગેસ કનેક્શન મળ્યા પછી પણ ચૂલા ઉપર રસોઈ બનાવવા માટે મજબૂર બની ગયા છે. છેલ્લા કેટલાંક સમયથી રાંધણગેસના ભાવમાં વધારો થઈ રહ્યો છે જેથી ગેસની સગડીઓ અને સિલિન્ડર શોભાના ગાંઠીયા રૂપ બની ગયા છે. અસંખ્ય પરિવારોએ ગેસના ભાવવધારાથી ત્રાસી ચૂલા ઉપર જ રસોઈ બનાવવાનું શરૂ કરી

દીધુ છે. સરકારે ગૃહિણીઓની ચિંતા કરી ઉજ્વલા યોજનાનો લાભ આપ્યો પરંતુ સબસીડી આપવાના લાભ પાછળ ગેસના બોટલના ભાવ વધતા હોવાથી ગરીબ વર્ગના પરિવારોને રાંધણગેસનો ઉપયોગ પરવડે તેમ ન હોવાથી ઉજ્વલા યોજનાનો મુખ્ય હેતુ મરીપરવારતો હોય તેવી સ્થિતિ ગામડાઓમાં જોવા મળે છે. રાંધણગેસની ખુશી વધુ દિવસો સુધી ટકી ન હોવાથી અસંખ્ય મહિલાઓ યોજનાના લાભ પછી પણ ચૂલો ફૂંકવા માટે મજબૂર બની છે.

ગામડાઓમાં ખેતીની સિઝનમાં લોકો વ્યસ્ત

દિવસ દરમિયાન ડોર ટુ ડોર પ્રચારમાં ઉમેદવારો મૂંઝવણમાં મુકાયા

બાયડ,ઈડર તા.૨૧

ગામડાઓમાં તાલુકા અને જિલ્લા પંચાયત ની ચૂંટણી નો પ્રચાર નો પણ ધમધમાટ ચાલુ થયો છે .મતદારો ને રીઝવવા પોતાની તરફેણ માં મતદાન કરવા ઉમેદવારો જોર શોર થી પ્રચાર કરવા ગામડાઓ માં સભાઓ તથા ડોર ટુ ડોર જનસંપર્ક માં જાયછે પરંતુ દિવસ દરમ્યાન ખેતી માં બટાકા નો તૈયાર થયેલ પાક ને જમીન માંથી કાઢવા અને તેનું પેકીંગ કરી તાત્કાલિક ટ્રકો મારફતે કોલ્ડ સ્ટ્રોરેજ માં પહોંચાડવા ના તેમજ દિવસ દરમ્યાન ગરમી પડવાની ચાલુ થતા ઘઉં નો પાક પણ લગભગ તૈયાર થયેલ હોય તેની પણ કાપણી ના કામમાં લોકો જોતરાયેલા રહે છે.તો બીજી બાજુ તમાકુ નો પાક પણ તૈયાર થતા લોકો ખેતની કામમાં

વ્યસ્ત હોવાથી દિવસ દરમ્યાન ઘરે પાંખી હાજરી થી ઉમેદવારો માં સમ્પર્ક ન થઈ શકતા પ્રચાર માં નિરાશા સાથે મૂંઝવણ માં મુકાયા છે,રાત્રે સભાઓ માં પણ દિવસ દરમ્યાન ખેતીના કામથી થાક્યા પાક્યા લોકો વહેલા વહેલા સુઈ જતા હોવાથી લોકોની પાંખી હાજરી ઉમેદવારોની મુંઝવણ અને ચિંતા વધારી દીધી છે ,ભાજપ,કોંગ્રેસ અને આમ આદમીના ઉમેદવારો પોતાના ટેકેદારો સાથે ગામડાઓમાં ઘરે ઘરે જઈને લોકોને પોતાની તરફેણમાં મતદાન કરવા સંપર્ક સાધવાનો પ્રયત્ન કરવા ફરીએ ફરીએ ફરવા મંડ્યા છે પરંતુ લોકો ખેતી કામમાં વ્યસ્ત ખેતરમાં હોવાથી ઘરે સંપર્ક થઈ શકતો નથી.ઈડર તાલુકાના પૂર્વ વિસ્તાર ના કડીયાદરા થી લઈ મોટા કોટડા સુધીના ચાર જિલ્લા પંચાયત અને સોળ તાલુકા પંચાયત ના વિસ્તારમાં ઘઉં અને બટાકા નું મબલક વાવેતર હોવાથી તૈયાર પાક થયેલ થતા લોકો ખેતી કામ માં જોતરાયેલ રહે છે અને તેને કારણે ઉમેદવારો ને ચૂંટણી પ્રચાર ના સમય દરમ્યાન લોકોનો સંપર્ક થઈ શકતો નથી.અને ઉમેદવારો મૂંઝવણ માં મુકાયા છે.